## થાળઃ
## તુલસીના પાને પધારજો રે...

તુલસીના પાને પધારજો રે .....૨
તુલસીના પાને પધારો રે રણછોડરાય.....તુલસીના...

તાંબા ને કુંદી જળે રે ભર્યાં.....૨
નાવણ કરતા જાવો રે રણછોડરાય.....તુલસીના...

સેવ સુવાળીને લાપસી રે.....૨
ભોજન કરતા જાવો રે રણછોડરાય.....તુલસીના...

પાન સોપારીને એલચી રે.....૨
મુખવાસ લેતા જાવો રે રણછોડરાય.....તુલસીના...

સાગ સીસમના ઢોલિયા રે.....૨
પોઢણ કરતા જાવો રે રણછોડરાય.....તુલસીના...

હાં રે મળયા મેહતા નરસિંહના સ્વામી.....૨
નીત નીત દર્શન દેજો રે રણછોડરાય.....તુલસીના...